(બીજાઓ રત્નને "રત્ન" તરીકે ન ઓળખે તોપણ -)

# -: રત્ન, "રત્ન" જ છે :-

રત્નને આપણે રત્ન કહીએ તેથી જ તે "રત્ન" નથી બની જતું પણ તે "રત્ન" છે તેથી આપણે તેને રત્ન કહીએ છીએ. પણ હા! એ ખરું કે રત્નને બીજાઓ રત્ન તરીકે ઓળખી ન શક્યા અને આપણે તેને રત્ન તરીકે ઓળખી શક્યા તેટલા આપણે ભાગ્યશાળી ખરા. રત્નને ઓળખી-પારખી શકનારાઓ પણ "રત્ન" તો ખરા જ. પણ રત્નને ઓળખનારા "રત્નો"ને લોકો ઝવેરી તરીકે ઓળખે છે.

ઝવેરીના પણ અનેક પ્રકાર છે. કોઈ ઝવેરી રત્નને રત્ન તરીકે ઓળખવા ખાતર જ ઓળખે છે. તેને, રત્નને રત્ન તરીકે ઓળખીને "રત્નને ન્યાય આપી શકાયો" તેનો સંતોષ અને આનંદ હોય છે. યોગ્યને યથાયોગ્ય ન્યાય આપીને તેઓ કૃતકૃત્યતા અનુભવે છે; તો કોઈ ઝવેરી રત્નને રત્ન તરીકે ઓળખીને તેનાથી પોતાની શૃંગાર-લાલસા પૂર્ણ કરે છે; તો કોઈ તેને ઓળખીને તેની પૂજા-ઉપાસના કરે છે; તો કોઈ તેને પોતાના મુગટની શોભા બનાવી દે છે; તો કોઈ વળી કેવળ વેપારી-વૃત્તિથી પ્રેરાઈને ધનપ્રાપ્તિ અર્થે રત્નને ઓળખે છે. અસ્તુ.

રત્ન જ્યાં પણ છે ત્યાં તે રત્ન જ છે. તેને કોઈ ન ઓળખે તોપણ તે રત્ન જ છે. સમાજમાં જે રત્નો "રત્ન" તરીકે ઓળખાય છે તેટલાં જ માત્ર રત્નો સમાજમાં છે તેવું પણ નથી; એ સિવાય પણ સમાજમાં અનેક રત્નો છે; જે ઓળખાયા વિનાનાં જ, અપ્રગટ સ્વરૂપે જ, પોતપોતાના સ્થાનમાં નિજાનંદની મસ્તીમાં ઝૂમી રહ્યાં છે. અસ્તુ.

ઝવેરીના કારણે રત્નની કિંમત અંકાય છે કે રત્નના કારણે ઝવેરી અસ્તિત્વમાં આવે છે? રત્ન વિના ઝવેરીની કલ્પના પણ ન થઈ શકે. રત્નની અનેક વિશેષતાઓમાં એક અતિ મહત્ત્વની વિશેષતા એ છે કે તેને પોતાને તો એ ખબર જ નથી હોતી કે પોતે "રત્ન" છે! અસ્તુ.

યોગ્ય વ્યક્તિને પોતાના જ ગામમાં અને ગામ તરફથી "રત્ન" તરીકેનું સન્માન પ્રાપ્ત થાય તે, તે ગામની ગુણગ્રાહક વૃત્તિની સાબિતી છે. મહાન સંત તુલસીદાસજીએ કહ્યું છે કે –

તુલસી વહાં ન જાઈએ, જહાં બાપકો ગાંવ;
દાસ ગયો, તુલસી ગયો, રહ્યો તળશીયો નામ.

તુલસીદાસ પોતાને ઉદ્દેશીને કહે છે કે "હે તુલસી! તું બાપના ગામમાં કદી જઈશ નહીં, કેમકે ત્યાં તને કોઈ તુલસી પણ નહીં કહે કે દાસ પણ નહીં કહે પણ અપમાનજનક અને તિરસ્કારપૂર્વક સૌ તને તળશીયો કહેશે." તુલસીદાસજીના આવા ભયને, "હળવદ-રત્ન-એવોર્ડ" કાર્યક્રમે સમૂળ ભગાડી મૂક્યો છે. અસ્તુ.

ઝવેરી, રત્નને રત્ન તરીકે ઓળખે ત્યાર પછી જ જો રત્નની કિંમત અંકાવાની હોય તો એવા રત્ન બનવાનો અર્થ પણ શું? કાંઈ જ નહી. પણ જો વડીલો, મિત્રો, સ્નેહીઓ વગેરે "રત્ન" તરીકે બિરદાવતા હોય તો-તો તે મહાન હર્ષનો પ્રસંગ ગણાય. આપ્તજનો અને પરિજનો તરફથી રત્ન તરીકેની બિરદાવલી થવી એ તો રત્નના મસ્તક પર થતું આશિષો અને શુભેચ્છાઓનું ગંગાઅવતરણ છે. આવું ગંગાઅવતરણ પ્રેરણા, ઉત્સાહ, આનંદ, સંતોષ વગેરેમાં અભિવૃદ્ધિ કરીને, સત્કર્મોમાં ભરતી ચડાવીને મનુષ્યને મોક્ષ સુધી પહોંચાડવામાં અત્યંત સહાયભૂત નીવડે છે.

એવોર્ડરૂપે અપાતુ પ્રતીક સ્થૂળ દૃષ્ટિએ જોતાં ભલે લાખનું કે કાંખનું હોય; લોઢાનું, લાકડાનું કે તાંબા-પિત્તળનું હોય કે સોના-રૂપાનું કે માણેકમોતીનું કે બીજા કશાનું ભલે હોય તોય તે મહામૂલ્યવાન છે. કારણકે સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં તેમાં તે આપનારની હાર્દિક ભાવના, ઊર્મિ અને ઉમળકો ઓતપ્રોત થયેલો છે. પણ જો --

એવોર્ડ; દેખાદેખી, ચડસાચડસી કે વહેવારબુદ્ધિ કે વેપારવૃત્તિથી અપાયો હોય તો તે એકમાત્ર મહાન જડતા-પ્રદર્શનનું જ પ્રતીક-ચિહ્ન ગણાય અને તેથી તે આપનાર, લેનાર કે જોનાર કોઈને પણ પ્રેરણા આપી શકે નહીં કે કોઈનું પણ કલ્યાણ કરી શકે નહીં.

સાચાને સાચા એવોર્ડો આપવાનાં આયોજનો કરનાર સર્વેને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા જ છે. તેમનાં આવાં પરમ પ્રેરણાદાયી કાર્યો દ્વારા વિશ્વશાંતિનું વિરાટ કાર્ય થઈ રહ્યું છે. આવા નિષ્કામ કાર્યક્રમો અસંખ્યોને પ્રેરણાપીયૂષ પાશે અને તેથી અનંત હીરા-માણેક-મોતી અને રત્નો પાકશે. જેટલી જરૂરત અન્ન ઉગાડનાર ખેડૂતોની છે તેટલી જ જરૂરત "રત્નો" પકવનાર અર્થાત્ માનવતાના મૂલ્યોને પોષનાર મરજીવાઓની છે.

કહ્યું છે કે "ભૂખ્યા ભજન ન હોય ગોપાલા." અન્નથી પેટ ભરાય છે તે વાત સાચી પણ સંતોષથી તો મન ભરાય છે. વિશ્વઅશાંતિનું મૂળ અસંતોષમાં ધરબાયેલું છે. સંતોષ સાચી સમજણમાં રહેલો છે અને સાચી સમજણના ધણીને જ "રત્ન"નું બિરુદ પ્રાપ્ત થાય તે યોગ્ય લેખાય.

પતંજલિ મુનિએ કહ્યું છે કે – સંતોષાત્ અનઉત્તમ સુખલાભઃ. અર્થાત્ સંતોષથી મોટું સુખ બીજું એકેય નથી. મનુષ્યમાત્ર દીર્ઘ સુખ - કાયમી સુખ ઇચ્છે છે, પણ તેવું સુખ શામાં છે તેની તેને ખબર નથી. શાશ્વત સુખ સંતોષમાં છે અને મેધાવી (જિનીઅસ) મહામાનવો જ શાશ્વત સુખ પ્રાપ્ત કરવામાં સહાયતા કરી શકે છે. અસ્તુ.

રત્ન કે ઝવેરી શા માટે થવાનું છે? લાડી, વાડી, ઘોડી કે ગાડી શા માટે મેળવવાની છે? માસ્ટર, ડૉક્ટર, બારિસ્ટર કે પ્રોફેસર થવાની ઇચ્છા શા માટે રાખીએ છીએ? આ બધું મેળવવા પાછળ ફક્ત સુખ - કાયમી સુખ મેળવવાની જ લાલસા છે. પણ મળે છે શું? મળે છે માત્ર દુઃખ કે ક્ષણિક સુખ જ. મૃગજળ પાછળ વર્ષો અને જન્મો સુધી દોટ મૂકતા જ રહ્યા તોય તેને ઓળખી ન શક્યા તે કેટલું મોટું દુઃખદ આશ્ચર્ય કહેવાય?!

કાયમી સુખ તો કેવળ મોક્ષ જ આપી શકે છે. જગતની કોઈપણ વિદ્યા કે સુખસગવડ; બચપન, યુવાની, બુઢાપો અને મૃત્યુને ટાળી શકતાં નથી. પતંજલિ મુનિ ઢોલ પીટીપીટીને કહે છે કે "મહા વિદ્વાન અને મહા મૂર્ખ બંને મૃત્યુથી એકસરખા જ ડરે છે." મૃત્યુથી અભય થવા માટે સાચી સમજણની અતિ આવશ્યકતા છે. સાચી સમજણ ગુરુ-સંતો અને પ્રજ્ઞાવાનોના સેવન-સંપર્કથી પ્રાપ્ત થાય છે. ગુરુસંતો તો અતિ આત્મીયતાપૂર્વક અને અતિ ચુપકીદીથી સાચી સમજણ અર્થાત્ તત્ત્વજ્ઞાન આપણા હૃદયમાં ઠાલવી દે છે. અસ્તુ.

જે સુખની પ્રતિક્રિયા દુઃખ ન હોય તેવા સુખને મોક્ષ-મુક્તિ કહે છે. મોક્ષ સિવાયનાં બધાં જ સુખોની પ્રતિક્રિયા દુઃખ છે. મોક્ષ માટે પતંજલિએ "કૈવલ્ય" શબ્દ પ્રયોજ્યો છે. કેવળ જ આત્મા. શરીર, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, વગેરે કોઈ જ નહીં. કેવળ-ફક્ત-એકલો આત્મા જ. નિર્ભેળ આત્માનું જ અસ્તિત્વ. પંચમહાભૂતનું શરીર છે ત્યાં સુધી તેના ધર્મો બચપન, યુવાની વગેરે તો રહેવાના જ. અને ત્યાં સુધી સુખ-દુઃખ પણ રહેવાનાં જ. શરીર છે તો પાપ-પુણ્ય થવાનાં જ અને તેના ફળરૂપે સુખ-દુઃખ ભોગવવાનાં જ. એ બધાંથી છૂટી જવા માટે શરીર જ ન જોઈએ, કેવળ આત્મા - આત્મા અને આત્મા જ. સ્વપ્નમાં જેમ શરીર વિના જ બધા અનુભવો મેળવાય છે તેમ મોક્ષમાં ફક્ત આત્મસુખમાં જ નિમગ્ન રહેવાનું - રમમાણ કરવાનું છે. અસ્તુ.

પરસ્પર દેવો ભવ અર્થાત્ - પરસ્પરના સહકારથી કૈવલ્યને વરીએ. જગતમાં આ ચાર પ્રકારના જ મનુષ્યો છેઃ સુખી, દુઃખી, પુણ્યશાળી અને પાપી. સુખીઓ તરફ મિત્રતાની, દુઃખીઓ તરફ કરુણાની, પુણ્યવાનો તરફ હર્ષની અને પાપીઓ તરફ ઉદાસીનતાની ભાવના રાખવાથી ચિત્ત-પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. ચિત્ત-પ્રસન્નતાથી સંતોષ પ્રાપ્ત થાય છે અને સંતોષ, કૈવલ્ય-મોક્ષ મેળવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને મોક્ષ મેળવવાનો પ્રયત્ન જો ન થયો તો જન્મ નિષ્ફળ ગયો. તે માટે એક સરસ દૃષ્ટાંત છે –

ચાર મિત્રો હતા. જુદાં જુદાં ક્ષેત્રોના નિષ્ણાત. ચારેય સમુદ્રની સહેલ કરવા નીકળ્યા. નાવમાં બેઠા બેઠા વાતે વળગ્યા. ચારેય પોતપોતાના ક્ષેત્રની વિશેષતા સાબિત કરવા સામાની દલીલને કાપી નાખે અને કહે કે "તમે અમુક અમુક નથી જાણતા તેથી તમારી જિંદગી પાણીમાં ગઈ." આ બધી વાતો નાવિક સાંભળતો હતો અને પોતાના અભણપણા માટે પસ્તાતો હતો. એવામાં જ સમુદ્રમાં તોફાન ઊપડ્યું. તેથી નાવિક ચારેય મિત્રોને પૂછે છે કે "તમને તરતાં આવડે છે?" ચારેય કહે "ના." નાવિક કહે, "તો, જો નાવડી ઊંધી વળી જશે તો તમારી ચારેયની જિંદગી પણ પાણીમાં જશે." એટલામાં જ એક તોફાની મોજાએ નાવડીને ઊંધી વાળી દીધી અને ચારેય મિત્રો પાણીમાં ડૂબી મર્યા. અને અભણ નાવિક તરીને કિનારે પહોંચી ગયો. આમ, આપણે ભલે બધું કરીએ પણ મોક્ષ મેળવવાનો પ્રયત્ન જો ન કરીએ તો આપણી બધી જિંદગી પણ પાણીમાં જ ગઈ તેમ સમજવાનું.

"યોગ" ભિક્ષા લાવિયો, "ભિક્ષુ" બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર કાંઈ પામશે, સૌનો મુજમાં ભાગ.

ગુરુજનોએ યોગભિક્ષુની ભિક્ષા-ઝોળી યોગભિક્ષાથી ભરી દીધી છે. યોગભિક્ષુને નિમિત્ત બનાવીને જે કાંઈ કલ્યાણકારી વહેંચાય છે તે બધું આ અક્ષય યોગભિક્ષાઝોળીના પ્રતાપે જ. ઓમ્ શાંતિઃ.

**– યોગભિક્ષુ**

પ્રકાશક : ઓમગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ
૩/બી, પલિયડનગર, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. (Guj.-India)